# ગાંધીદર્શનમાં પ્રયોગાત્મક અભિગમ

પ્ર. ચુ. વૈદ્ય

[ સ્વ. પૂ. નાનાભાઈ ભટ્ટ સ્મારક વ્યાખ્યાનમાળાના ૩૪મા મણકાનાં બે વ્યાખ્યાનો તા. ૩૦,૩૧ ડિસેમ્બર '૯૫ના રોજ લોક દક્ષિણામૂર્તિ વાર્ષિકોત્સવના અનુસંધાને લોકભારતી સણોસરા મુકામે અપાયાં. તે સંયુક્ત રૂપે અહીં આપેલ છે.—સં. ]

## ૧. પ્રાસ્તાવિક

આ 'ગાંધીદર્શન' વળી શું છે? આપણે ગાંધીજીને સત્યાગ્રહના સર્જક અને અહિંસક રાહે દેશને આઝાદી અપાવનાર મહાત્મા તરીકે ઓળખ્યા છે. અને થયું પણ એવું કે દેશ આઝાદ થયો અને છ માસમાં તો ગાંધીજી આપણી વચ્ચેથી ચાલી નીકળ્યા. એટલે આપણે મન તો અન્યાયના પ્રતિકાર માટે અહિંસક શસ્ત્ર બતાવનાર ગાંધીજી એવો જ પ્રચલિત ખ્યાલ છે. પરંતુ ગાંધીજીનું ચિન્તન-પ્રયોગોના પરિણામ ઉપરથી શરૂ થયેલું ચિંતન-તો ઘણા વિશાલ ફલકને આવરી લે છે. આપણા કમનસીબે આ ચિંતનનાં વિવિધ પાસાંઓને સમાજજીવનના સંદર્ભમાં પોતાની આગવી રીતે વાપરી શકીએ તેટલો સમય ગાંધીજી આપણી વચ્ચે રહ્યા નહિ. આમ સામાન્ય જનતા તો ગાંધીજીને અન્યાય સામે લડવાના સત્યાગ્રહના શોધક તરીકે જ ઓળખે છે. આજકાલ આ નવા શસ્ત્રનો ખાસ ઉપયોગ રહ્યો નથી એટલે ગાંધી વિસારે પડે એ સ્વાભાવિક છે. પણ હવે દેશમાં અને દુનિયામાં કેટલાયે એવા સંયોગો ઊભા થતા આવે છે કે આપણા મનમાં સવાલ ઊઠે કે આ સંયોગોમાં ગાંધીએ શું રસ્તો કાઢયો હોત? આવા સવાલનો જવાબ તો ગાંધીજીના ચિંતનમાંથી મળી આવે. ગાંધી-ચિંતનના પરિપાક રૂપે એક ખાસ વિચારધારા ઉત્પન્ન થઈ છે જેને આપણે 'ગાંધી દર્શન'ના ટૂંકા નામે ઓળખીશું. પહેલાં તો આપણે આ 'ગાંધીદર્શન' શું છે તે સમજવા પ્રયત્ન કરીશું.

## ૨. ગાંધીદર્શન

ગાંધીજીની ફિલસૂફીમાં મુખ્ય તત્ત્વ 'સત્ય' છે, આમ જુઓ તો બધા જ ધર્મોમાં, બધા જ તત્ત્વવેત્તાઓની મિમાંસામાં સત્ય એક પરમ તત્ત્વ હોય છે. આપણાં શાસ્ત્રો કહે છે, 'બ્રહ્મ સત્ય, જગત મિથ્યા' અને પછી સત્ય એટલે બ્રહ્મ કહીને મનુષ્યને આધ્યાત્મ તરફ પ્રેરે છે એટલે ગાંધીદર્શનનું પ્રમુખ તત્ત્વ સત્ય છે એમ કહેવાથી ગાંધી દર્શનની વિશેષતા છતી ન થાય. ગાંધીજીની આત્મકથાનું નામ છે, 'સત્યના પ્રયોગો'. ગાંધીજીના મતે સત્યને પામવાનો રસ્તો

પ્રયોગોનો છે. આ બાબતમાં ગાંધીજીની વિચારસરણી આધુનિક વિજ્ઞાનની વિચારસરણીને કેટલી મળતી આવે છે !

નિસર્ગની પરિઘટના સમજવા વૈજ્ઞાનિકો નિસર્ગનું સાચું સ્વરૂપ ઓળખવાનો પ્રયત્ન કરે છે અને તે માટે પ્રયોગોનો સહારો લે છે. પ્રયોગો કરીને જે ચકાસી શકાય તે જ નિસર્ગનું સત્ય—એ આધુનિક વિજ્ઞાનની રીત છે. ગાંધીજીએ પણ વ્યક્તિના જીવનના પ્રશ્નો, સામાજિક પ્રશ્નો, રાજકીય પ્રશ્નો વગેરે સમજવા માટે પ્રયોગો કરીને સત્યને પામવાનો પ્રયત્ન કર્યો અને તે રીતે પ્રયોગો ઉપરથી દૃઢ થયેલી, સત્યને પામવાની એક ચિંતનપ્રણાલિ તેમનાં લખાણોમાં જોવા મળે છે. આ પ્રયોગમૂલક પદ્ધતિને કારણે જ ગાંધી-દર્શનની એક વિશિષ્ટ ભાત પડી છે.

### ૩. પ્રયોગાત્મક ચિંતન

વિજ્ઞાન એ તો અંગ્રેજી શબ્દ સાયન્સનું આપણે કરેલું ગુજરાતી ભાષાન્તર છે. પણ ઈંગ્લેંડમાં 'સાયન્સ' શબ્દ બહુ મોડો પ્રચારમાં આવેલો. ત્યાં ત્રણસોથી વધુ વર્ષો જૂની યુનિવર્સિટીઓમાં સાયન્સ માટે એક્સ-પેરિમેન્ટલ ફિલોસોફી – પ્રયોગાત્મક ચિંતન – શબ્દ વપરાતો. આજે પણ કેમ્બ્રિજમાં એક પ્રોફેસરની જગ્યાનું નામ છે પ્રોફેસર ઓફ એસ્ટ્રોનોમી એન્ડ એક્સપેરિમેન્ટલ ફિલોસોફી. આમ વિજ્ઞાન એટલે પ્રયોગો કરીને મેળવેલું જ્ઞાન એટલે કે પ્રયોગો અને ચિન્તનના સમન્વયથી મળેલું જ્ઞાન.

આ દૃષ્ટિએ વિચારીએ તો ગાંધીજીની આત્મ-કથાનું નામ 'સત્યના પ્રયોગો' આપણને કેટલા બધા વિચારો કરતા કરી મૂકે છે ! સત્યની આરાધના, પરબ્રહ્મની પ્રાપ્તિમાટે આપણી સંસ્કૃતિમાં, યોગ, સાધના અને ચિંતનનો માર્ગ જાણીતો છે ગાંધીજીએ પહેલ વહેલો પ્રયોગ કરીને સત્યને સમજવાનો પ્રયત્ન તેમના જીવનમાં કર્યો છે. પ્રયોગો કરીને સત્યને પામવાનો ગાંધીજીનો પ્રયત્ન અને પ્રયોગો કરી નિસર્ગને સમજવાનો વૈજ્ઞાનિક પ્રયત્ન—આ બે વચ્ચે કેટલું બધું સામ્ય છે ! આ બન્ને પ્રયત્નોમાં પ્રયોગો અને ચિંતનનો સુભગ સમન્વય સરખો જ છે.

ગાંધીજીના કાર્યમાંથી વિગતો લઈને, પ્રયાગો અને ચિંતનના સમન્વયથી સત્ય ખોજવાના તેમના પ્રયોગાત્મક અભિગમનાં હવે ઉદાહરણ લઈશું

### ૪. સત્યાગ્રહ

ગાંધીજી દક્ષિણ આફ્રિકાથી ભારત પાછા આવ્યા પછીના કાળમાં જન્મેલા મારા જેવા માટે 'સત્યાગ્રહ' શબ્દ આઝાદીની લડત માટેના પર્યાય જેવો શબ્દ છે. આ આઝાદીની ગાંધીજીએ ચલાવેલી લડતોનો વિચાર કરીએ તો તેમાં પ્રયોગો કરી સત્ય પામવાનો તેમનો અભિગમ સ્પષ્ટ દેખાય છે. દક્ષિણ આફ્રિકામાં સ્વાનુ-ભવથી તેમને ખ્યાલ આવ્યો કે પ્રજાના એક ખાસ જૂથને ચોક્ખો અન્યાય થાય છે અને આ અન્યાયના પ્રતિકાર માટે સત્યાગ્રહનો પહેલો પ્રયોગ થયો. આ લડત એક બહુ મર્યાદિત હેતુ માટે હતી. પ્રશ્ન પ્રજાના બહુ નાના જૂથને ( ભારતમાંથી ત્યાં મજૂરી કે વેપાર અર્થે ગયેલા લોકોને ) સ્પર્શતો હતો અને સામે પક્ષે ગોરી પ્રજાની વિશાળ બહુમતી અને તેની સરકાર હતી. આ વિશિષ્ટ સંયોગોમાં ઉદ્‌ભવેલી આ પ્રતિકારની રીતમાંથી ભારતના વિશાળ સમુદાયને વિદેશી હકૂ-મતની ધૂંસરીમાંથી મુક્ત કરવા માટેની લડત વિકસા-વવી એક કપરી ક્રિયા હતી અને ગાંધીજીએ તબક્કાવાર પ્રયોગો કરીને સત્યાગ્રહની પદ્ધતિ વિકસાવી અને દરેક તબક્કે ગાંધીજીના પ્રયોગાત્મક અભિગમનાં દર્શન થાય છે તે હવે જોઈએ.

ભારતમાં પહેલો સત્યાગ્રહનો પ્રયોગ બિહારના ચંપારણમાં થયો. ગળીની ખેતી કરનારા ખેડૂતોને ગોરા જમીદારો તરફથી થતા અન્યાયના પ્રતિકાર માટે યોજાયો. આમ તો દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહ જેવા મર્યાદિત હેતુ માટે નાના જૂથને સ્પર્શતો મુદ્દો લઈ ભારતીય વાતાવરણનો તે પ્રથમ પ્રયોગ. ત્યાર પછી ખેડા જિલ્લાનો ખેડૂતોને સ્પર્શતો સત્યાગ્રહ થયો જેમાં ફક્ત ગળી ઉગાડનાર નહિ પણ બધા જ ખેડૂતોનો પ્રશ્ન હતો અને સામે પક્ષે મુંબઈ પ્રાન્તની સરકાર હતી. ત્યાર પછી ગાંધીજી સમક્ષ અમદાવાદના મિલ–

કામદારોની હડતાળનો પ્રશ્ન આવ્યો. આધુનિક ઉદ્યોગ સાથે સંકળાયેલ શહેરના વિશિષ્ટ જૂથનો પ્રશ્ન પણ સત્યાગ્રહથી ઉકેલવાનો પ્રયોગ થયો.

અને આવા બધા પ્રયોગો અને તેનાં પરિણામોમાંથી નિપજેલા ચિંતનના પરિપાક રૂપે ૧૯૨૦-૨૧ની રાષ્ટ્રવ્યાપી લડતનાં મંડાણ થયાં. અસહકારની આ રાષ્ટ્રવ્યાપી લડત દરમિયાન ચૌરીચૌરા ગામે જનતાએ પોલિસ ચોકી પર હુમલો કર્યો. ચૌરીચૌરા કાંડની ખબર ગાંધીજીને પહોંચી અને તેમણે તરત જ લડત પાછી ખેંચી લેવાની જાહેરાત કરી. આ પ્રયોગ સત્યની ખોજ તરફ લઈ જતો નથી તેવું તેમને સ્પષ્ટ દેખાયું. અને અહીં ગાંધી દર્શનનો પ્રયોગાત્મક અભિગમ ચોક્ખો દેખાઈ આવ્યો. તમે યોજેલા બધા જ પ્રયોગો સફળ થાય તેવું તો થોડું જ બને. વિજ્ઞાનમાં યોજેલા સઘળા પ્રયોગો સફળ થતા નથી. ઘણા પ્રયોગો ધાર્યું પરિણામ આપતા નથી પણ ત્યારે વૈજ્ઞાનિક નિષ્ફળતાનો દોષ પરિસ્થિતિ કે અન્ય સંયોગોને આપતો નથી. કારણ કે વિજ્ઞાનના પ્રયોગો નિસર્ગને સમજવા માટે છે. તમે પ્રયોગ કરો કે ન કરો નિસર્ગ (કુદરત) તો જે છે તે છે. તમારો પ્રયોગ નિષ્ફળ થયો તેમાં કુદરતનો દોષ નથી, દોષ તમારાં સાધનોનો કે પ્રયોગનાં આયોજનનો છે. બસ, સત્યની ખોજ માટેની પોતાના પ્રયોગાત્મક અભિગમને કારણે ઉત્પન્ન થયેલી વિચારસરણીને આધારે ચૌરીચૌરા કાંડમાં ગાંધીજીને ત્યાંના ગ્રામજનોનો દોષ દેખાયો નહિ. પોતે વાપરેલ સાધન અને આયોજનનો દોષ દેખાયો.

પ્રયોગની નિષ્ફળતાના કારણો વિષે લગભગ સાત આઠ વર્ષો સુધી ગાંધીજીનું ચિન્તન ચાલ્યું હશે એમ લાગે છે. પહેલું તરત જ નજરે ચડે તેવું કારણ કંઈક આવું લાગે છે. ૧૯૨૦-૨૧ના અસહકાર આન્દોલનનો મુખ્ય ઝોક સરકાર સાથે અસહકારનો હતો. તેથી સરકારી નોકરો-અમલદારોએ સરકારી નોકરી છોડી દેવી, શાળા-કૉલેજમાં ભણતા યુવાનોએ શાળા-કૉલેજ છોડી દેવી એ ચળવળનો મુખ્ય સૂર હતો. પણ આ સરકારી નોકરો કે શાળા, કૉલેજમાં ભણતા વિદ્યાર્થીઓની સંખ્યા તો ભારતની કુલ વસ્તીનો કેટલો નાનો હિસ્સો છે. આમ એ આન્દોલનનું મૂળ કારણ સમગ્ર દેશની વસ્તીને સ્પર્શે તેવું ન હતું. સ્પષ્ટ છે કે ૧૯૨૧-૨૨ થી ૧૯૩૦ના ગાળામાં ગાંધીજીએ ભારતની સમગ્ર પ્રજાને તેવી પ્રવૃત્તિઓ વિચારી. ૧૪ મુદ્દાના રચનાત્મક કાર્યક્રમનો ઉદ્‌ભવ થયો. ૧૯૨૫માં અખિલ હિન્દ ચરખા સંઘની સ્થાપના થઈ. ખાદી અને ગ્રામોદ્યોગની મદદથી દેશની ગ્રામવાસી જનતાને લક્ષમાં રાખીને કાર્યક્રમો ગોઠવાયા. અને સરકાર સામે આન્દોલન માટેનો મુખ્ય મુદ્દો મીઠા અંગેની સરકારની નીતિનો બતાવ્યો. ગરીબ-તવંગર, ભણેલા કે અભણ એવા પ્રત્યેક નાગરિક માટે નમક (મીઠું) તો જીવન જરૂરી ચીજ છે. અને વિશાળ દરિયા કિનારે પાણીને મૂલ્યે પેદા થતા મીઠા ઉપર સરકારે નાખેલા કરનો મુદ્દો લઈ, ૧૯૩૦ના સત્યાગ્રહનું આયોજન થયું.

અને લગભગ સાત-આઠ વર્ષના ચિંતન પછી સત્યની ખોજનો નવો પ્રયોગ ૧૯૩૦ના મીઠાના સત્યાગ્રહનો કર્યો. આ વખતે સાધનની શુદ્ધતા-(અહિંસા)નો સંદેશો આવડા મોટા દેશને ખૂણે ખૂણે આમ જનતા સુધી પહોંચે તેવું આયોજન કર્યું. રેડિયો, ટી. વી. પહેલાંનો એ જમાનો, છાપાંની બહુ ઓછી અસરનો એ જમાનો, છતાં દેશને ખૂણે ખૂણે સાધન-શુદ્ધિનો સંદેશ પહોંચે તે માટે ગાંધીજીએ સાબરમતી આશ્રમથી દાંડીના દરિયાકિનારા સુધી પગપાળા કૂચનું આયોજન કર્યું. દિવસો સુધી આ કૂચ ચાલી. રસ્તે આવતાં ગામોમાં તો સરળતાથી સંદેશ પહોંચી જાય પણ રોજ-રોજના કૂચના સમાચાર સવાર-સાંજનાં અખબારોમાં આવે અને કર્ણોપકર્ણ વાત ફેલાતી જાય અને જોત-જોતામાં જ્યારે ગાંધીજીએ દાંડી ઉપર નમક-કાનૂનનો ભંગ કરી મીઠું પકવ્યું ત્યારે રાષ્ટ્રભરમાં શિસ્તબદ્ધ રીતે સવિનય કાનૂનભંગની લડત શરૂ થઈ.

મારો હેતુ અહીં આઝાદીની સત્યાગ્રહની લડતનો ઈતિહાસ આપવાનો નથી, હેતુ તો એટલો જ છે કે "સત્યના પ્રયોગો" ના હિમાયતી ગાંધીજીએ એક વૈજ્ઞાનિક જેમ કરે છે તેમ પ્રયોગો કરી સફળતા-નિષ્ફ-

ળતાનાં કારણો ઉપર ચિંતન કરી પોતાની સત્યાગ્રહની પદ્ધતિ વિકસાવી છે.

પ્રયોગાત્મક અભિગમનો એ તકાજો છે કે તેમાંથી નિપજતા સિદ્ધાન્તો સ્થળ-કાળની મર્યાદાથી પર હોય છે. આની ખાતરી કરવા ગાંધીજીના મૃત્યુ પછી સત્તર વર્ષે અમેરિકામાં હબસી લોકોના સંઘર્ષમાં સત્યાગ્રહના સિદ્ધાન્તનો કેવો સચોટ અને સફળ ઉપયોગ થયો તે હવે જોઈશું.

### ૫. ગાંધીદર્શનનો અમેરિકામાં પ્રયોગ

૧૯૬૫માં અમેરિકાના દક્ષિણમાં આવેલાં રાજ્યોમાં ચાલેલી મતાધિકાર વિષેની ચળવળની આ વાત છે. આપણે ત્યાં ૧૮ વર્ષથી વધુ ઉંમરની દરેક વ્યક્તિને મતાધિકાર છે. અમેરિકામાં એવો દેશવ્યાપી નિયમ નથી. દરેક રાજ્યના જુદા જુદા નિયમો છે. સામાન્ય રીતે નિયમો એવા હોય છે કે લગભગ બધાંને મતાધિકાર મળે. પણ દક્ષિણનાં કેટલાંક રાજ્યોએ દેખાવમાં રૂડા લાગે તેવા નિયમો કર્યા છે પણ પરિણામે હબસીઓને મતાધિકાર ન મળે તેવી ગોઠવણ કરી છે! એક રાજ્યમાં એવો નિયમ છે કે ૨૧ વર્ષની વાંચતાં, લખતાં આવડે તેવી વ્યક્તિને મતાધિકાર. હવે દરેક ગોરાને તો વાંચતાં લખતાં આવડે, પણ હજુ ગઈ કાલ સુધી જે ગુલામ હતા તેમાંના ઘણા કાળાને લખતાં વાંચતાં આવડતું જ નથી. આલાબામા રાજ્યનો એવો નિયમ છે કે ૨૧ વર્ષના દરેકને મતાધિકાર પણ મતદારે જઈને પોતાનું નામ નોંધાવવું પડે. હવે રાજકીય પક્ષોના ગોરા સ્વયંસેવકો બધા ગોરાનાં નામ નોંધાવી દે પણ કાળાનાં નામ ન નોંધાવે અને કોઈ કાળો પોતાની જાતે નામ નોંધાવા જાય તો નોંધવાવાળો કારકુન તેને કલાકો સુધી લાઈનમાં ઊભો રાખે, 'આજે વખત નથી કાલે આવજે' એમ કહી ધક્કા ખવડાવે એટલે બિચારો કંટાળીને નામ નોંધાવાની માયા મૂકી દે આલાબામા રાજ્યની જોહુકમી સામે 'હબસીઓના ગાંધી' કહેવાતા માર્ટિન લ્યુથર કિંગે લડત ઉપાડી. આલાબામાના સેલ્મા ગામની નોંધણી ઑફિસે યાદીમાં નામ નોંધાવવા કાળાઓની લાઈન ઊભી રહે છે. કારકૂન તેમનાં નામ નોંધતો નથી. કાંઈ નહિ; આપણે અહીં જ ઊભા છીએ. કોઈ ખાવા પીવાનું આપી જશે તો ઠીક નહિ તો એમને એમ ઊભા છીએ આવી રીતે આ સત્યાગ્રહની શરૂઆત થઈ.

સેલ્માના મતદાર-નોંધણીની આ મુશ્કેલી તરફ લોકોનું અને મધ્યસ્થ સરકારનું ધ્યાન ખેંચવા માટે માર્ટિન લ્યુથર કિંગે, સેલ્માથી મોન્ટગોમરી સુધીની પગપાળા કૂચનો કાર્યક્રમ યોજ્યો મોન્ટગોમરી એ આલાબામા રાજ્યનું મુખ્ય શહેર છે; ત્યાંના ગવર્નરને આ મુશ્કેલી દર્શાવતું આવેદન પત્ર આપવું એ કાર્યક્રમ હતો.

કાર્યક્રમ જાહેર થયો કે તરત જ આલાબામા રાજ્યે સભા-સરઘસ બંધી ફરમાવી. તેની સામે થઈને હબસીઓએ કૂચ લઈ જવાનું નક્કી કર્યું. નિશ્ચિત તારીખે પાંચસો-છસો માણસો એકઠાં થયાં ત્યાં તો રાજ્યની પોલિસ તેમના પર તૂટી પડી. દંડામાર કરી તથા ટીઅર ગેસ છોડી લોકોને વેરવિખેર કરી નાખ્યા તે પછી આલાબામાના ગોરાઓએ એક ગોરા પાદરીને ગોળીએ દીધો. આ પાદરી હબસીઓને મતાધિકાર મળે તેમ માનતો હતો. આ ખૂનથી દેશ ભરમાં આલાબામાના ગોરાઓ સામે ધિક્કારની લાગણી જન્મી.

આ બાજુ સેલ્મામાં હબસીઓએ આ મૃતાત્મા પાદરીના માનમાં દેવળમાં જાહેર પ્રાર્થના ગોઠવવાનું નક્કી કર્યું. રાજ્યે આ પ્રાર્થના સામે મનાઈ હુકમ બહાર પાડયો. કિંગે આ હુકમ સામે દેશની સુપ્રીમ કોર્ટમાં પડકાર આપ્યો. પાંચ દિવસમાં કોર્ટનો ચુકાદો આવ્યો કે મનાઈ હુકમ ગેરકાયદે છે. અને પ્રાર્થના સભા થવા દેવી જોઈએ. દેશભરમાંથી કાળા, ગોરા પાદરીઓ આ પ્રાર્થનાસભામાં ભેગા થયા. હવે માર્ટિન લ્યુથર કિંગે મોન્ટગોમરી પગપાળા કૂચના મનાઈ હુકમ સામે કોર્ટમાં અપીલ કરી. દસ દિવસે તે અપીલનો ચુકાદો આવ્યો અને મનાઈ હુકમ ગેરકાયદે ઠર્યો. ઉપરાંત ધોરી રાજમાર્ગો ઉપર કૂચ લઈ જવા માટે અમુક શરતોને આધીન પરવાનગી પણ આપી અને કૂચ દરમિયાન કૂચમાં ભાગ લેનારના જાનની સલામતી માટે તકેદારી રાખવાનો રાજ્ય સરકારને આદેશ આપ્યો!

આલાબામા રાજ્યની કાળા વિરોધી સરકારને વિમાસણ થઈ. આ કાળાઓના જાનની સલામતી માટે શું મોઢું લઈને પ્રબંધ કરે? તેણે નવો પાસો નાખ્યો. રાજ્યના ગવર્નરે જાહેર કર્યું કે આ કૂચ થશે તો કાળાઓના જાન જોખમમાં મૂકાશે અને અમારાથી તેમને રક્ષણ આપી શકાશે નહિ. આમ રક્ષણ આપવાની પોતાની અશક્તિની ખબર તેણે મધ્યસ્થ સરકાર અને કોર્ટને આપી દીધી. બીજે જ દિવસે અમેરિકન પમુખે હુકમ બહાર પાડીને આલાબામા રાજ્યના ૪૦૦૦ પોલીસોને પોતાને હસ્તક લીધા તથા ૫૦ માઈલ (૮૦ કિલોમીટર)ના કૂચના રસ્તા ઉપર આવતી ત્રણ હોસ્પિટલો પણ પોતાને કબ્જે લીધી અને ચાર દિવસની કૂચ દરમિયાન કૂચ કરનારના જાનની સલામતીની જવાબદારી મધ્યસ્થ સરકારે લઈ લીધી.

૨૧મી માર્ચ, ૧૯૬૫ના રવિવારે સવારે સેલ્માથી યાત્રા શરૂ થઈ. તેમાં ભાગ લેવા દેશભરમાંથી કાળા તથા ગોરા એકઠા થયા. લોકશાહીમાં દરેકને પોતાનો અભિપ્રાય વ્યક્ત કરવાની છૂટ હોય છે સામાન્ય રીતે યોગ્ય ગણી શકાય તેવા કોઈ પણ તે તેમ કરી શકે છે એ સિદ્ધાન્ત પ્રમાણે આ કૂચના કાર્યક્રમને ગેરકાયદે ગણી ન શકાય તે સત્યને વળગી રહેવાના માર્ટિન લ્યુથર કિંગના નિર્ણયમાં હમદર્દી દેખાડવા દેશભરમાંથી લાકો સેલ્મા પહોંચ્યા.

રવિથી ગુરુવાર સુધીના પાંચે દિવસ રોજના ૧૦, ૧૨ કે ૧૫ માઈલનો લાગટ પગપાળા પ્રવાસ કરી આ સંઘ ગુરુવારે મોન્ટગોમરી પહોંચ્યો. નીકળ્યા ત્યારે સંખ્યા ૧૦,૦૦૦ હતી. વચ્ચે ત્રણ દિવસ પ્રમાણમાં સાંકડા હાઈવે ઉપરથી જવાનું હતું ત્યાં કોર્ટના હુકમ મુજબ ફક્ત ૩૦૦ માણસો કૂચમાં સામેલ હતાં. છેલ્લે પાછા મોન્ટગોમરીમાં ૧૫,૦૦૦ સ્ત્રીપુરુષોએ આઠ આઠની હારમાં કૂચ કરી ગવર્નરને નિવેદન સોંપીને પોતાનું કાર્ય પાર પડ્યું. દેશભરમાં આ પાંચ દિવસોમાં હબસીઓના મતાધિકાર વિષે તથા આલાબામા રાજ્યની નીતિ વિષે ખૂબ ઉહાપોહ થયો, પરિણામ એ આવ્યું કે મધ્યસ્થ પાર્લમેન્ટમાં પ્રમુખ જોહ્નસને એક ખરડો આણ્યો અને મતાધિકાર માટે નામ નોંધવામાં જે કોઈ સરકારી અમલદાર વિઘ્ન ઊભું કરે તેને સખ્ત સજાની જોગવાઈ તેમાં દાખલ કરી.

આમ દાંડી કૂચની યાદ દેવડાવે તેવી આ પગપાળા કૂચ સહી સલામત પાર ઊતરી. કેવા જુદા સંયોગોમાં, કેવી જુદી રીતે, ગાંધીજીના સિદ્ધાન્તોનો ઉપયોગ થાય છે અને તેનો સામનો પણ કેવો જુદા સંજોગોમાં થાય છે!

## ૬. "મારું જીવન એ જ મારો સંદેશ"

અગાઉ કહ્યું છે તેમ દેશને આઝાદી મળ્યા પૂરા છ માસ પણ ગાંધીજી આપણી વચ્ચે ન રહ્યા. અને તેથી ગાંધીદર્શનનો પ્રયોગાત્મક અભિગમ આઝાદીની અહિંસક લડત–સત્યાગ્રહમાં વિગતે જોવા સમજવાનો જે અવસર જનસમાજને મળ્યો તેવો અવસર ગાંધી દર્શનનાં અન્ય પાસાં–શિક્ષણ, ઉદ્યોગો અને રાજકારણમાં વિકેન્દ્રીકરણ, ગ્રામ્યોત્થાન વગેરેમાં વિગતે જાણવા સમજવાનો અવસર જ આપણને મળ્યો નથી. તેથી ગાંધી દર્શનનાં આ પાસાંઓમાં પણ જો પ્રયોગાત્મક અભિગમ જોવો હોય તો આપણે ગાંધીજીના આશ્રમ-જીવનને વિગતે તપાસવું પડે. ગાંધીજીએ તો કહ્યું છે કે "મારું જીવન એ જ મારો સંદેશ." છતાં એટલું તો જરૂર નોંધી લઈએ કે આ બધાં ક્ષેત્રોમાં પ્રયોગો યોજી વ્યવસ્થિત વિચારધારા ગોઠવામાં સરળતા થાય તે માટે તેમણે કેટલીક સંસ્થાઓ સ્થાપી હતી. ઉદ્યોગોમાં વિકેન્દ્રીકરણ અને ગ્રામોત્થાનમાં પ્રયોગાત્મક અભિગમ રાખીને ૧૯૨૫માં અખિલ હિન્દ ચરખા સંઘની સ્થાપના કરી તો ૧૯૩૪માં અખિલ ભારત ગ્રામોદ્યોગ સંઘની સ્થાપના કરી.

શિક્ષણક્ષેત્રમાં ગાંધીદર્શનના પ્રયોગાત્મક અભિગમનું જીવંત ઉદાહરણ અહીં લોકભારતી સંસ્થાઓમાં આપણી સમક્ષ છે, અને મને કોઈ પૂછે કે આ સંસ્થાઓનો જીવન-મંત્ર શું તો હું તો એ જ ગાંધીવચનને યાદ કરું. "મારું જીવન એ જ મારો સંદેશ."

તમને જાણીને સાનંદાશ્ચર્ય થશે કે ગાંધીજીના

સિદ્ધાન્તો પ્રમાણે જીવન-શિક્ષણ ગોઠવવા માટેનો એક આશ્રમ ફ્રાંસમાં ચાલે છે. ગાંધીજીના ઈટાલિયન પ્રશંસક લાન્ઝા દેલ વાસ્તો, દક્ષિણ ફ્રાન્સમાં લ બોરી નોબ્લે ખાતે એક આશ્રમ ચલાવે છે. આશ્રમવાસીઓ શારીરિક શ્રમથી અને સાદાં સાધનો વાપરીને પોતાને જરૂરી ઉત્પાદન મેળવી લે છે. દેલ વાસ્તો તો કહે છે "માનવ સંસ્કૃતિને વિનાશમાંથી ઉગારવી હોય તો ગાંધીજીનાં અસ્તેય, અપરિગ્રહ વ્રતો સાથેના આશ્રમજીવન કરતાં બીજો કોઈ સારો માર્ગ મને દેખાતો નથી."

## ૭. વ્યવહારિક અર્થઘટન

સમાજજીવને સ્પર્શતા પ્રશ્નોમાં ગાંધીદર્શનનો વ્યવહારિક અભિગમ સમજવો હોય તો ગાંધીજીના સિદ્ધાન્તોમાં 'સાધન-શુદ્ધિ'નું મહત્ત્વ સમજવું જરૂરી છે. અને તે ગાંધીદર્શનનાં બીજાં મહત્ત્વનાં તત્ત્વ 'અહિંસા' ઉપર આધારિત છે. અહિંસા એ સત્ય પામવાનું સાધન છે. ગાંધીદર્શનમાં સાધ્યની શુદ્ધતાને જેટલું મહત્ત્વ છે તેટલું જ મહત્ત્વ સાધ્ય સિદ્ધ કરવા માટે વપરાતા સાધનની શુદ્ધતાનું છે. આ વિષે નારાયણ દેસાઈ લખે છે: "ગાંધીજીનો કદાચ સૌથી વધારે પાયાનો વિચાર સાધન-શુદ્ધિનો હતો. તેઓ માનતા હતા કે લક્ષ્ય જેમ ઊંચું અને પવિત્ર હોવું જોઈએ. માત્ર પારણામોનો જ વિચાર કરવાને બદલે કેવાં સાધનો વડે એ પરિણામો સુધી પહોંચાય છે તેને તેઓ વધુ મહત્ત્વ આપતા હતા."

આમ ગાંધીતત્ત્વનો સાર બે જ શબ્દોમાં કાઢવો હોય તો તે શબ્દો છે 'સત્ય' અને 'અહિંસા.' અહિંસા ગાંધીજીને સત્ય શોધવાના પ્રયોગોમાંથી મળી હતી. તે આજે માત્ર એક આદર્શનો વિષય રહી નથી પણ આપણા અસ્તિત્વ સાથે જડાયેલા એવા એક વ્યવહારિક તત્ત્વ તરીકે આવીને ખડી છે. ગાંધી દર્શનનાં આ બે પાયાનાં તત્ત્વો સત્ય અને અહિંસાને વ્યક્તિ કે સમાજ સાથે સાંકળ્યા હોય ત્યારે શુદ્ધ સાધ્ય અને તે મેળવવા માટે એટલું જ શુદ્ધ સાધન તેવું અર્થઘટન થઈ પડે છે અને આવા અર્થઘટનમાંથી ગાંધીદર્શનના અભિગમનાં ઉદાહરણો વિચારીશું.

## ૮. વિકેન્દ્રીકરણ

આજથી સાઠ-સિત્તેર વર્ષો પહેલા પોતાના પ્રયોગાત્મક અભિગમ દ્વારા ગાંધીજીએ ઉદ્યોગો અને રાજકારણમાં વિકેન્દ્રીકરણના જે સિદ્ધાન્તો આપ્યા છે. તે આજે પણ કેટલા ઉપયોગી છે તે હવે આપણે જોઈશું. પહેલાં આજે પ્રવર્તતી આર્થિક પરિસ્થિતિની ખાસિયતો જોઈએ તો પહેલી નજર તો ગરીબ અને તવંગર વચ્ચેની મોટી ખાઈ ઉપર પડે છે. વિશ્વની કુલ વાર્ષિક આવકનો ૮૪ ટકા હિસ્સો દુનિયાની વસ્તીના ૨૦ ટકા લોકો પાસે છે. વળી દુનિયાની વસ્તીના બીજા ૨૦ ટકા લોકો એવા છે જેમની આવક વિશ્વની કુલ આવકનો માત્ર ૧.૪ ટકા જ છે!

યુરોપની ઔદ્યોગિક ક્રાન્તિ પછી સમાજમાં આર્થિક ઉત્પાદકતાનુ કેન્દ્રીકરણ થયું અને વિશ્વની આવકનો ૮૪ ટકા ભાગ ફક્ત ૨૦ ટકા લોકો પાસે કેન્દ્રિત થયો. આ કેન્દ્રીકરણના ફળસ્વરૂપ રાજસત્તાનું પણ કેન્દ્રીકરણ થયું. સમાજ-પરિવર્તન માટે માર્ક્સવાદી પ્રયોગો પણ થયા. પરંતુ આ પ્રયોગોમાં પણ આર્થિક કેન્દ્રીકરણ તો ચાલુ રહ્યું. આવો સોવિયેત પ્રયોગ તો નિષ્ફળ ગયો છે. આર્થિક વિષમતાની સ્થિતિ તો કેન્દ્રિત આર્થિક વિચારધારાનું પરિણામ છે એટલે આ સંદર્ભમાં સમાજનું ધ્યાન ગાંધીવિચાર તરફ જાય તે સ્વાભાવિક છે. આજની આર્થિક વિષમતામાં ગાંધીદર્શનનાં ત્રણ પાયાના ઉપકરણો તરફ તરત જ ધ્યાન જાય: (૧) અપરિગ્રહ અને અસ્તેય વ્રતથી વ્યક્તિ-ચરિત્ર ઘડવું જોઈએ. વ્યક્તિનો આર્થિક જીવન-વ્યવહાર સમગ્ર સમાજની આર્થિક સ્થિતિ પ્રમાણે ઘડવાથી લોભ ઉપર કાબૂ આવશે અને સર્વની જરૂરિયાતોને ધ્યાનમાં રાખી પોતાની જરૂરિયાતો ગોઠવાશે. આથી અનાયાસે વ્યક્તિમાં નીતિમત્તાનાં ધોરણ વધશે. (૨) ગાંધીદર્શનમાં સાધન-શુદ્ધિની વિશેષતાને કારણે ઉત્પાદકતા, સત્તા અને નિર્ણાયકતાનાં ક્ષેત્રોમાં વિકેન્દ્રીકરણ ઉપર ઝોક છે. અને આ વિકેન્દ્રીકરણ ઉપરના ઝોકને કારણે સમાજ-પરિવર્તનની પ્રક્રિયામાં પણ વ્યક્તિ ઉપર એટલો જ ઝોક છે. ગાંધી દર્શન પ્રમાણે

સમાજને ફક્ત સરેરાશ ( Statistical Average ) સાથે નહિ પણ સર્વ વ્યક્તિઓ સાથે સંબંધ છે અને આ વિકેન્દ્રીકરણ વગર શક્ય નથી. (૩) અને ગાંધી દર્શનનું ત્રીજું ઉપકરણ ટ્રસ્ટીશિપનો સિદ્ધાન્ત છે. સાધન સંપન્ન વ્યક્તિઓ કે કુટુમ્બો તેમની પાસેની સંપત્તિ સમાજે તેમને ટ્રસ્ટી તરીકે સંભાળવા આપી છે એવી ભાવના કેળવશે તો તે સંપત્તિનો બહુજન હિતાય ઉપયોગ કરવાની વૃત્તિ ઊભી થશે. દાખલા તરીકે વિશ્વની આવકનો ૮૪ ટકા ભાગ વસ્તીના ૨૦ ટકા સમુદાય પાસે એકત્ર થયેલો છે. આ સંપત્તિધારક ૨૦ ટકા લોકોએ પોતાને આ વિશાળ સંપત્તિના માલિક માનવાને બદલે ટ્રસ્ટી માનવા જોઈએ. આમ થશે તો તેમનું જીવન સમગ્ર સમાજની આર્થિક સ્થિતિને અનુકૂળ ગોઠવાશે અને તેમની સંપત્તિ વિશાળ જનસમુદાયની ગરીબી અને આર્થિક ઊણપો દૂર કરવામાં વાપરવા માટે છૂટી થશે.

ગાંધી દર્શનના આ આર્થિક ઉપકરણો પોતાના જીવન દરમિયાન પ્રયોગો અને ચિંતનથી ગાંધીજીએ નિપજાવ્યાં હતાં અને તેથી પ્રયોગાત્મક અભિગમના ગુણધર્મ પ્રમાણે આ ઉપકરણો સ્થળ-કાળની મર્યાદાથી પર હોવાં જોઈએ. આમાંના એક ઉપકરણ – ટ્રસ્ટીશિપના સિદ્ધાંતનો એક ઉપયોગ ડેનમાર્કમાં થયો છે તેની વાત કરી લઈએ.

## ૯. ટ્રસ્ટીશિપ સિદ્ધાન્તનો કોપનહેગનનો નમૂનો

સાપેક્ષતાની આન્તરરાષ્ટ્રીય પરિષદના અનુસંધાનમાં ૧૯૭૨ના જુલાઈ માસમાં મારે કોપનહેગન જવાનું થયું. અહીં ગાંધીજીના ટ્રસ્ટીશિપ સિદ્ધાન્તનો એક સુંદર નમૂનો જોયો. ડેનમાર્ક તેના બિયર અને માખણ માટે વખણાય છે. યુરોપના ઠંડા પ્રદેશોમાં બિયર પાણીની જગ્યાએ પીવાય છે. કોપનહેગનની કાર્લ્સબર્ગ બ્રુઅરી બિયર બનાવવાનું બહુ મોટું કારખાનું છે. ૧૮૪૫માં તેની મૂળ સ્થાપના થયેલી અને ૧૮૮૧માં અદ્યતન સાધનોથી સજ્જ એવું નવું કારખાનું ઉમેરાયું. આજે આ ફેક્ટરીમાં રોજની ચાર કરોડ બાટલી બિયર તૈયાર થઈને પેક થાય છે. આમાંની ૩ કરોડ બાટલી તો રોજની ડેનમાર્કમાં જ વેચાઈ જાય છે અને એક કરોડ બાટલી પરદેશમાં નિકાસ થાય છે. એક બાટલી ઉપર એક ક્રોનર નફો થાય છે પણ આ નફો બ્રુઅરીના કોઈ એકાદ માલિકને મળતો નથી. બ્રુઅરીનો માલિક જેકબ્સન જ્યારે ગુજરી ગયો ત્યારે તેણે પોતાના દીકરા કાર્લને તદ્દન નવી બ્રુઅરી બનાવીને આપી અને પોતાની બ્રુઅરી, કાર્લબર્ગ ફાઉન્ડેશન નામનું એક ટ્રસ્ટ સ્થાપી તેને સોંપી દીધી. તેના પુત્ર કાર્લે પણ સમય જતાં પોતાની નવી બ્રુઅરી પણ કાર્લબર્ગ ફાઉન્ડેશનને સોંપી દીધી. આમ બિયર બનાવતી દુનિયાની સૌથી મોટી બ્રુઅરી, વિજ્ઞાન અને કેળવણીના વિકાસ માટેના એક ટ્રસ્ટની માલિકીની છે.

ગાંધીજીનું એવું માનવું હતું કે મોટા ઉદ્યોગો સ્થાપવા એ પણ સાહસનું કામ છે અને સાહસમાત્ર વ્યક્તિગત હોય છે. એટલે કોઈ એક વ્યક્તિ પોતાના સાહસ વડે મોટા ઉદ્યોગો સ્થાપે તેમાં કશું ખોટું નથી. પણ પછી એ ઉદ્યોગમાંથી થતો નફો તો જનતાનું પોતાને ત્યાં રહેલું ટ્રસ્ટ છે એમ માનીને નફાનો મહદ્ અંશ જનતાને ચરણે ધરવો જોઈએ. ગાંધીજીના ટ્રસ્ટીશિપ સિદ્ધાન્તનું કેવું જ્વલંત ઉદાહરણ કાર્લ્સબર્ગ બ્રુઅરી પૂરું પાડે છે!

જે મોટા બંગલામાં જેકબ્સન ( બ્રુઅરીના કામદાર તેને જેકબ્સન દાદા કહે છે ) રહેતો હતો તે આખું મકાન ફર્નિચર તથા નોકર ચાકર સાથે, સન્માનનીય આવાસ તરીકે ઓળખાય છે અને ડેન્માર્કના સૌથી વિખ્યાત વિજ્ઞાનીને રહેવા માટે તે અપાય છે. દેશના અગ્રગણ્ય વિજ્ઞાનીનું સન્માન કરવાનો કેવો સરસ માર્ગ અને તે પણ સત્યના પ્રયોગવીર ગાંધી ચીંધ્યા સિદ્ધાન્તને અનુરૂપ!

—❀—